# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## DANG PRATHMIK SHALA

## KHATMUHURT

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય વિજય પટેલે ડાંગમાં આહવા તાલુકામાં આવેલી પિંપરી પ્રાથમિક શાળાના આઠ ઓરડાનું ખાતમુહૂર્ત કર્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જિગ્નેશ ત્રિવેદીએ જણાવ્યું કે, પિંપરી પ્રાથમિક શાળા ખાતે કુલ આઠ જેટલા ઓરડાની ઘટ પ્રવર્તે છે.

શ્રી ત્રિવેદીએ જણાવ્યું કે, આ ઓરડાના બાંધકામ બાબતે વર્ષ 2020-21માં 'નાબાર્ડ યોજના' અંતર્ગત સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, પરંતુ કોઈ એજન્સીએ ટેન્ડર ન ભર્યો હોવાથી બાંધકામ પ્રક્રિયામાં વિલંબ થયો હતો. જોકે, હવે સોમવારે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય વિજય પટેલે સ્થાનિક આગેવાનો સાથે મળી શાળાના મકાનનું ખાતમુહૂર્ત કરતાં ગ્રામજનોમાં આનંદની લાગણી છવાઈ હતી.

--------------

## Narmada - Raktpit dardi

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રક્તપિત દર્દી શોધ અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લાના પાંચ તાલુકાના ૨૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૧૬૯ આયુષ્માન આરોગ્ય મંદિર અને એક શહેરી આરોગ્ય

કેન્દ્ર હસ્તકનાં તમામ ગામોમાં આશા બહેનો તથા પુરૂષ સ્વયં સેવકોની ૭૦૦ ટીમ દ્વારા ઘરે-ઘરે ફરીને રક્તપિતના શંકાસ્પદ કેસ શોધવાની કામગીરી ચાલી રહી છે.

18 જુન સુધીમાં જિલ્લાના ૮૪ હજારથી વધુ ઘરોની મુલાકાત લઈ ૪ લાખથી વધુ  લોકોની તપાસ કરવામાં આવી છે. આ તપાસમાં જિલ્લામાં રક્તપિતના કુલ ૩૩ દર્દીઓ મળી આવ્યા છે, જેમાં ૨૧ બિન ચેપી તથા ૧૨ ચેપી પ્રકારના કેસ મળી આવ્યા છે. જેમાં તમામ દર્દીઓને સારવાર હેઠળ મુકવામાં આવ્યા છે.

જિલ્લામાં રક્તપિત દર્દી શોધ અભિયાન અંતર્ગત ચાર જુલાઇ સુધીમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

................................

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર  ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાની અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ માટે લોકો ટોલ ફ્રીનંબર  1800-11-7800 પર તેમના  વિચારો અને સૂચનો 28 મી તારીખ સુધીમાં  નરેન્દ્ર મોદી એપ અથવા  માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા મોકલી શકશે. મન કી બાત

કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી  મન કી બાતના હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ તેનું  જીવંત પ્રસારણ કરશે.

-----------------

## WEATHER

રાજ્યના હવામાન વિભાગે આજે વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરાનગરહવેલી સહિતના જિલ્લાઓમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં અત્યાર સુધી વરસાદ થવાથી ગરમીમાં આંશિક રાહત મળી છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી વધારે 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન વલ્લભવિદ્યાનગરમાં નોંધાયું. જ્યારે અમદાવાદ અને ગાંધીનગરમાં 41 ડિગ્રી, બનાસકાંઠાના ડીસામાં, વડોદરા અને રાજકોટમાં 40 ડિગ્રી, સુરેન્દ્રનગર અને કંડલા હવાઈમથકમાં 39 ડિગ્રી સેલ્સિયસ

મહત્તમ તાપમાન નોંધાયું છે. તેમ જ અન્ય જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રીથી ઓછું રહ્યું છે.

--------------------

## Kachchh –Pakistani Arrest

કચ્છમાં સીમા સુરક્ષા દળે વિઘાકોટ પાસેથી એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો હતો. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે, સીમા સુરક્ષા દળના જવાનો પેટ્રોલીંગ હતા તે દરમિયાન સરહદ પર ઘૂસણખોરી કરતા પાકિસ્તાની શખ્સને પકડી લીધો હતો. હાલમાં આ પાકિસ્તાની ઘૂસણખોરની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

--------------------

## SURENDRANAGAR POLIO VACCINATION

સુરેન્દ્રનગર જિલ્લામાં આગામી 23 જૂનથી 25 જૂન દરમિયાન પૉલિયો રસીકરણ અભિયાન યોજાશે. આ કાર્યક્રમમાં 2 લાખ 16 હજાર 16 બાળકોને પૉલિયાની રસી આપીને સુરક્ષિત કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા

કલેક્ટર કે. સી. સંપટની અધ્યક્ષતામાં જિલ્લા કાર્યદળ સમિતિની બેઠક યોજાઈ હતી.

પૉલિયા રસીકરણ અભિયાન અંતર્ગત જિલ્લાના 858 બૂથ પર બાળકોને પૉલિયોની રસી પીવડાવવામાં આવશે. તેમ જ એક હજાર 716 ટીમ બાકી રહેલા બાળકોને ઘરે-ઘરે જઈને તેમ જ 55 મોબાઈલ ટીમ વાડી વિસ્તારમાં અને બહારગામથી કામ માટે આવેલા શ્રમિકોના બાળકોને રસી પીવડાવશે.

----------------